# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/80 Dt. 25/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'બિઝનેસ ઇન્ટરેક્ટિવ સેશન વિથ ગિની'નું ભવ્ય આયોજન સંપન્ન

## ગિની સરકારે USD 200 બિલિયનના 'સિમાન્દુ 2040' પ્રોગ્રામ હેઠળ 325 મેગા પ્રોજેક્ટ્સ જાહેર કર્યા છે: દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો માટે રોકાણની વિપુલ તકો

## ગિની સુરતના ઉદ્યોગોના વૈશ્વિક વિસ્તરણ માટે ઉત્તમ તક: અશોક જીરાવાલા

## રિન્યુએબલ એનર્જી, ફાર્મા, આઈટી/ટેલિકોમ, ફિશરીઝ અને એગ્રિકલ્ચરમાં ગુજરાતના ઉદ્યોગકારો માટે ઉજ્જવળ સંભાવનાઓ: ગિનીના રાજદૂત કોન્ટે અલાસ્સેન

## ગિનીમાં માત્ર 72 કલાકમાં નવી કંપનીની નોંધણી થઈ શકે છે, હાલ 500થી વધુ ભારતીય કંપનીઓ કાર્યરત: કોન્ટે અલાસ્સેન

## વિશ્વ બેંકે ગિનીનો GDP વૃદ્ધિ દર 8.7% નિર્ધારિત કર્યો; વિશ્વના 2/3 બોક્સાઇટ અનામત જથ્થા સાથે ગિની સૌથી મોટો નિકાસકાર દેશ

## ભારત અને ગિની વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 1.5 બિલિયન ડોલરને પાર: ચેમ્બર ઉપપ્રમુખ રવિ રાજ દેસાઈ

સુરત, 25 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા શનિવારે, તા. 22 ઓગસ્ટ 2026 ના રોજ સાંજે 05:00 કલાકે સરસાણા સ્થિત 'સંહતિ' ખાતે 'બિઝનેસ ઇન્ટરેક્ટિવ સેશન વિથ ગિની'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં પશ્ચિમ આફ્રિકાના ગિની દેશના રાજદૂત શ્રી કોન્ટે અલાસ્સેને મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી ગિનીમાં ઉપલબ્ધ ઔદ્યોગિક અને વ્યાપારી રોકાણની વિપુલ તકો અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

## ગિની સુરતના ઉદ્યોગોના વૈશ્વિક વિસ્તરણ માટે ઉત્તમ તક: અશોક જીરાવાલા

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "ગિની કુદરતી સંસાધનો અને ખનિજોથી સમૃદ્ધ દેશ છે. ગિની સરકારના 200 અબજ યુએસ ડોલરના 'સિમાન્દુ 2040' પ્રોજેક્ટ્સમાં સુરત અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો માટે રિન્યુએબલ એનર્જી, ફાર્માસ્યુટિકલ્સ, આઇ.ટી., ટેક્સટાઇલ અને એગ્રીકલ્ચર ક્ષેત્રે રોકાણની વિપુલ તકો રહેલી છે. માત્ર 72 કલાકમાં સરળ રજિસ્ટ્રેશન પ્રક્રિયા સુરતના સાહસિકો માટે વૈશ્વિક વિસ્તરણના નવાં દ્વાર ખોલશે."

## દ્વિપક્ષીય વેપાર 1.5 બિલિયન ડોલરને પાર: રવિ રાજ દેસાઈ

ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "ભારત અને ગિની વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર હાલ 1.5 બિલિયન યુએસ ડોલરથી વધુ છે. ભારતમાંથી ગિનીમાં નોન-બાસમતી ચોખા, ફાર્માસ્યુટિકલ્સ, મશીનરી, ટુ-વ્હીલર્સ અને રેલવે સાધનોની મોટા પાયે નિકાસ થાય છે, જેનો આંકડો વાર્ષિક 800થી 900 મિલિયન યુએસ ડોલરને પાર કરી ચૂક્યો છે. દક્ષિણ ગુજરાતના ટેક્સટાઇલ અને એન્જિનિયરિંગ એકમો માટે ગિની એક વિશાળ સંભાવનાઓ ધરાવતું માર્કેટ છે."

## USD 200 બિલિયનનો 'સિમાન્દુ 2040' રાષ્ટ્રીય વિકાસ કાર્યક્રમ:  કોન્ટે અલાસ્સેન

ગિનીના રાજદૂત શ્રી કોન્ટે અલાસ્સેને રોકાણની તકોની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, "ગિની સરકારે આગામી 15 વર્ષ માટે 200 અબજ યુએસ ડોલરનો રાષ્ટ્રીય વિકાસ કાર્યક્રમ 'Simandou 2040' તૈયાર કર્યો છે, જેમાં વૈશ્વિક રોકાણકારો માટે 325 જેટલા મેગા પ્રોજેક્ટ્સ નિર્ધારિત કરવામાં આવ્યા છે."

## તેમણે ગિનીના અર્થતંત્ર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિશે મહત્વપૂર્ણ માહિતી આપતાં ઉમેર્યું હતું કે:

- USD 20 બિલિયનનો મેગા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ: 65% ઉચ્ચ ગુણવત્તાવાળા આયર્ન ઓરના ખોદકામ અને નિકાસ માટે 650 કિલોમીટર લાંબી ડેડિકેટેડ રેલવે લાઇન તથા નવા પોર્ટનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

- બોક્સાઇટ અને ગોલ્ડ પ્રોસેસિંગ: ગિની સમગ્ર વિશ્વમાં બોક્સાઇટના કુલ અનામત જથ્થાનો 2/3 ભાગ ધરાવે છે અને વિશ્વનો સૌથી મોટો બોક્સાઇટ નિકાસકાર છે. ઉપરાંત, પાટનગર કોનાક્રી ખાતે પશ્ચિમ આફ્રિકાની સૌથી મોટી ગોલ્ડ રિફાઇનરી શરૂ કરવામાં આવી છે.

- ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ: ગિનીમાં નવી કંપનીનું રજિસ્ટ્રેશન માત્ર 72 કલાકમાં પૂર્ણ થઈ જાય છે. હાલમાં 500થી વધુ ભારતીય કંપનીઓ ત્યાં સફળતાપૂર્વક બિઝનેસ ચલાવી રહી છે.

- હાઇ GDP ગ્રોથ: વર્લ્ડ બેંક દ્વારા ગિનીનો જીડીપી વૃદ્ધિ દર 8.7% નિર્ધારિત કરવામાં આવ્યો છે.

**ગુજરાતના ઉદ્યોગો માટે સુવર્ણ અવસર:** શ્રી કોન્ટે અલાસ્સેને સુરત અને ગુજરાતના ઉદ્યોગકારોને ગિનીમાં રિન્યુએબલ એનર્જી (સોલર-વિન્ડ), ફાર્માસ્યુટિકલ્સ, IT અને ટેલિકોમ (ઇન્ટરનેટ વપરાશનો 70% ગેપ પૂરો કરવા માટે), મરીન-ફિશરીઝ તેમજ આધુનિક એગ્રીકલ્ચર સેક્ટરમાં સંયુક્ત સાહસો અને પ્રોજેક્ટ્સ સ્થાપવા સીધું આમંત્રણ આપ્યું હતું. રોકાણમાં રસ ધરાવતા ઉદ્યોગસાહસિકો નવી દિલ્હી સ્થિત ગિની એમ્બેસી અથવા SGCCIના માધ્યમથી પોતાનો લેટર ઓફ ઇન્ટેન્ટ મોકલી શકે છે.

આ કાર્યક્રમમાં ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા તેમજ મોટી સંખ્યામાં ઉદ્યોગ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની રૂપરેખા ડિપ્લોમેટિક રિલેશન્સ એન્ડ ફોરેન અફેર્સ કમિટીના ચેરમેન શ્રી મનિષ માળીએ આપી હતી, જ્યારે સમગ્ર સંચાલન ગ્લોબલ કનેક્ટ કમિટીના ચેરમેન શ્રી દેવકિશન મંઘાણીએ કર્યું હતું. અંતમાં ગ્રૂપ ચેરમેન ડો. વિજય રાદડિયાએ આભારવિધિ કરી હતી.